
# શારદ

સા વિદ્યા યા વિમુક્તયે

ફેબ્રુઆરી-૨૦૨૬ - વર્ષ ૪૪, અંક-૧




**શારદામંદિર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વિપુલભાઈ એમ. પંચોલીની વરણી સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે કરવામાં આવી તે પ્રસંગે તા. ૩-૧-૨૬ને શનિવારના રોજ શાળાના પ્રાર્થના મંદિરમાં તેમનું બહુમાન કરવામાં આવેલ. જસ્ટીસ શ્રી વિપુલભાઈએ શાળા કાળનાં સંસ્મરણો વાગોળવાની સાથે બાળકોને પોતાની જીવનયાત્રા વિશે પ્રેરણાદાયી વ્યક્તવ્ય આપ્યું અને આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતાં.**



**ક્રિકેટ અન્ડર-૧૪ માં જ્વલંત સફળતા પ્રાપ્ત કરનાર શાળાના વિદ્યાર્થીઓ કોચ શ્રી જીગ્નેશભાઈ સાથે**





**તા.૪-૧-૨૬ને રવિવારના રોજ શાળાના શિશુમંદિર વિભાગના પ્રાર્થના મંદિરમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાતઃપ્રાર્થનાનું આયોજન કરવામાં આવેલ. વહેલી સવારે સૌ કોઈ આવી ખૂબ જ ઉત્સાહપૂર્વક શાળામાં ગવાતી પ્રાર્થના કરેલ અને ફરીથી મળવાના વચન સાથે વિદાય થયા.**



**ભારત વિકાસ પરિષદ દ્વારા યોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલ શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષિકા શ્રી નિશાબેન સાથે**



**'માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી' સ્પર્ધામાં મોમેન્ટો પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ-શિક્ષિકા બહેનો શ્રી દિશાબેન અને શ્રી પૂર્વાબેન સાથે**

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

## શ્રાવણ સુદ સાતમ એટલે શાળાનો ૧૦૨મો સ્થાપના દિવસ







## મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા આયોજીત વેક્સીન કેમ્પમાં લેનાર ઉત્સાહી વિદ્યાર્થીઓ




## INTACH ફિલ્મ મેકીંગ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ





## શાળામાં યોજાયેલ મંડળી ગરબાના ઉત્સાહી ખેલૈયાઓ



## અભિનંદન



શાળાના વિનયમંદિર વિભાગની વિદ્યાર્થીની **ચિ. જીયા મકવાણા** એનસીસીમાં બેસ્ટ કેડેટ રેન્કમાં સ્થાન પામેલ તે બદલ પ્રશંસાપત્ર અને મેડલ મેળવવા બદલ ચિ.જીયાને ખૂબ અભિનંદન.




તા.૨૨-૧૧-૨૫ના રોજ યોજાયેલ ખેલ મહાકુંભ U-17માં કરાટે (82 kg) માં ગોલ્ડ મેડલ વિજેતા તેમજ હાલમાં બારામતી, મહારાષ્ટ્રમાં રમાનાર 69 National SGFI (School Games Federation of India) ચેમ્પીયનશીપ ૨૫-૨૬માં બ્રોન્ઝ મેડલ વિજેતા વિનયમંદિર વિભાગ ધો.૧૧ સાયન્સનો વિદ્યાર્થી **ચિ. પાર્થિવ પરમાર**ને ખૂબ અભિનંદન.






શાળાની શિશુમંદિર વિભાગની ધો.૬ માં અભ્યાસ કરતી ચિ. ભારડીયા યશ્વી રાહુલભાઈ એ તા. ૧૩-૧૨-૨૫ ના રોજ મહારાષ્ટ્રમાં છત્રપતિ સંભાજી સ્ટેડિયમ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૫માં ભાગ લઈ ત્રીજા સ્થાને બ્રોન્ઝ મેડલ મેળવેલ અને તા. ૧૪-૧૨-૨૦૨૫ના રોજ ફાઈટિંગમાં બાંગ્લાદેશ અને નેપાળ સામે પહેલા સ્થાને ગોલ્ડ મેડલ મેળવેલ જે ભારત દેશના ઈતિહાસમાં અમદાવાદ, ગુજરાતમાં સર્વ પ્રથમ ટ્રોફી મેળવેલ તે બદલ ચિ. યશ્વીને ખૂબ ખૂબ અભિનંદન.







અમદાવાદની અંડર-૧૪ ગર્લ્સ ટીમે ફાઈનલમાં પેનલ્ટી શૂટઆઉટમાં ૪:૩ થી જામનગરને હરાવીને ગુજરાત સ્ટેટ અંડર-૧૪ ગર્લ્સ ફૂટબોલ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. પેનલ્ટી શૂટઆઉટમાં અમદાવાદની મીરા દલાલ સાથે જ્ઞાના ગહલોત, હાવ્યા ભાવસાર, નવ્યા મહેતા અને અગ્ના જાનીએ ગોલ નોંધાવ્યા હતાં. જે બદલ આપણી શાળાની અંગ્રેજી માધ્યમ વિભાગની ધો.૮માં અભ્યાસ કરતી ચિ.મીરા રાજેશકુમાર દલાલને ખૂબ ખૂબ અભિનંદન.

# બેગલેસ-ડે અને શાળામાં થતી વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓ












દર રવિવારે સવારે શાળામાં આયોજીત બોર્ડ અને ટ્રેડીશનલ ગેમ વર્કશોપમાં મોબાઈલ વગર કુતુહલતા સાથે નવું નવું શીખતા વિદ્યાર્થીઓ





શાળામાં યોજાયેલ સંગીતના વર્કશોપમાં શ્રી અસ્મીબેન સાથે સંગીતમાં મગ્ન વિદ્યાર્થીઓ







ખૂબ જ ટૂંક સમયમાં તૈયારી કરી જન્માષ્ટમીનો અદ્ભૂત કાર્યક્રમ રજૂ કરનાર શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકા બહેનો

सा विद्या या विमुक्तये

# શારદ

શારદામંદિર, અમદાવાદ.

ફેબ્રુઆરી-૨૦૨૬
વર્ષ ૪૪, અંક-૧

વાલીગણ

વિદ્યાર્થીમિત્રો

કુશળ હશો

સાદર નમસ્કાર,

પ્રથમસત્ર પૂર્ણ થઈ હવે આપણે બીજા સત્રમાં પહોંચ્યા. બીજુ સત્ર નાનુ હોય છે. ફક્ત બે માસ બાદ ધો.૧૦માં પ્રિબોર્ડ પરીક્ષા અને પ્રિલીમ પરીક્ષા આવશે. સૌ વિદ્યાર્થીઓ બોર્ડની તૈયારીમાં લાગ્યા હશો. સફળતા માટે ખૂબ જ સારા મેનેજમેન્ટ સાથે અભ્યાસ કરવો જરૂરી છે. બોર્ડ એક્ઝામ પણ હવે નજીક છે. મહેનત ખૂબ જરૂરી છે.

વાલી અને વિદ્યાર્થીમિત્રોને મારી એક નમ્ર વિનંતી છે કે આ બે વર્ષમાં શાળામાં અને સમાજ જીવનમાં બાળકોના વર્તનમાં ખૂબ જ પરિવર્તન દેખાય છે. બાળકો હતાશ, આક્રમક અને અસહિષ્ણુ બન્યા છે. આપઘાત અને હિંસક પ્રવૃત્તિ તરફ વળ્યા છે. જે સમાજ માટે લાલબત્તી સમાન છે. ખૂબ જ માઠા પરિણામો આવનારા દિવસોમાં જોવા મળી શકે તેમ છે. જો તેના પાયામાં મૂળ બાબત કોઈ હોય તો તે બાળકોમાં મોબાઈલનું વળગણ. આ ભૂત જો દૂર કરવામાં નહીં આવે, તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનું શીખવાડવામાં નહીં આવે તો ખૂબ જ માઠા અને ગંભીર પરિણામ ભોગવવા પડશે. બાળકો મોબાઈલમાં શું કરે છે, શું જોવે છે, કોની સાથે વાતચીત કરે છે તે મા-બાપ તરીકે જાણવું ખૂબ જ જરૂરી છે. બીજું કે મા-બાપે પણ બાળકો સાથે દિવસ દરમ્યાન બે કલાક બેસવું જરૂરી છે. કમસેકમ રાતનું ભોજન બાળકો સાથે બેસી વાતચીત કરવાથી ખ્યાલ આવશે કે શું ચાલી રહ્યું છે.

બોર્ડની પરીક્ષાઓ નજીક છે, તૈયારીમાં બાળકોએ લાગવાની જરૂરી છે.

Best of Luck to all Students

આભાર.

- આચાર્ય
( વિજય રાવલ)

**દરેક વાલીને વિનંતી કે આપના પાલ્યની બીજા સત્રની ફી સમયસર ઓફીસમાં જમા કરાવી શાળાના કામકાજમાં સાથ સહકાર આપશો.**

## અહેવાલ




આપણી શાળાનો વિનયમંદિર વિભાગ ધો.૧૧ સાયન્સનો વિદ્યાર્થી ચિ. કવન ત્રિવેદી કલાઉત્સવમાં સંગીત વાદન સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમ શાળા કક્ષાએ પ્રથમ નંબર આવેલ, SVS કક્ષાએ અંકુર વિદ્યાલયમાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવેલ તેમજ જિલ્લા કક્ષાએ કલાઉત્સવમાં સંગીત વાદન સ્પર્ધામાં તબલા વાદન કરીને બીજો નંબર પ્રાપ્ત કરેલ જે બદલ ચિ. કવન ને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## સંસ્કૃત સપ્તાહનું આયોજન



આપણી સંસ્થામાં ત્રણ દિવસીય સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. તેમાં તા.૬-૮-૨૫ ના રોજ સંસ્કૃત ગૌરવયાત્રા માટે વેદો, પુરાણો ઋષિઓના ચિત્રો રજૂ કરવામાં આવ્યા હતાં. તા. ૭-૫-૨૦૨૫ના રોજ સંસ્કૃત સંભાષણ દિનની ઉજવણી કરી તેમાં ધો.૯ની વિદ્યાર્થીનીએ સંસ્કૃત શ્લોકનું ગાન કર્યું, શ્લોક કંઠસ્થ કર્યા તથા કવિ કાલિદાસનું ચિત્ર દોર્યું. તા. ૮-૮-૨૫ના રોજ રંગોળીનું આયોજન કર્યું જેમાં ધો.૧૨ની વિદ્યાર્થીનીએ ભાગ લીધો. સંસ્કૃત સપ્તાહ ઉજવણી અંતર્ગત સંસ્કૃત સંભાષણ દિન નિમિત્તે આ રંગોળીની પસંદગી કરવામાં આવી. દરરોજ ગીતાના બે શ્લોકનું પઠન કરવામાં આવ્યું.



ચિન્મય મિશન દ્વારા આયોજીત ગીતા પઠનની એક સ્પર્ધામાં ભાગ લેનાર આપણી શાળાના વિદ્યાર્થીઓએ મોમેન્ટો અને સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ. જે બદલ તેઓને ખૂબ અભિનંદન.



## અભિનંદન

### અંડર-૧૪ શારદામંદિર વિનયમંદિરની ટીમનો વિજય

શારદામંદિર વિનયમંદિરની ટીમે એશિયા ઈંગ્લિશ સ્કુલ સામેની એસએમ-૧૪ સ્કૂલ ટુર્નામિનટની મેચમાં પ્રથમ ઈનિંગની લીડને સહારે વિજય મેળવ્યો હતો.

એશિયા ઈંગ્લિશ સ્કૂલ પ્રથમ ઈનિંગ ૧૬૨ (યશવીરસિંહ ગોહિલ ૫૯, ધ્યેય શાહ ૫/૨૬, શ્લોક પટેલ ૨/૨૮), શારદામંદિર વિનયમંદિર પ્રથમ ઈનિંગ ૧૭૪/૪ (વિકાસ ચૌહાણ ૮૩, અનુષ પાનિકર ૨/૪૩)

## વિદ્યાર્થી વિભાગ

### ધીરજ અને ધ્યેય

ધીરજ અને ખંતથી શોધ કરશો તો ચોક્કસ જ, તમે જે શોધો છો તે તમને મળશે. સમગ્ર જીવનના મૂળ સ્ત્રોત સાથેની એકાત્મતા શોધ કરવા માટે સમય કાઢવો પડે. પોતાની જાતને ઓળખવાની, સત્યને જાણવાની તમારે માટે એનો શું અર્થ થાય છે તે સમજાય નહીં ત્યાં સુધી શોધ કરતા રહેવાની, ઉંડી જીજ્ઞાસાવૃત્તિ ન હોય તો એ કાંઈ સામેથી તમારી પાસે આવી પડે એવી વસ્તુ નથી. આંતરિક જ્ઞાનનો આધ્યાત્મિક અનુભવ માત્ર એ લોકોને મળે છે, જેઓ જિજ્ઞાસુ છે. આ જીવન જીવવા જેવું અને વ્યવહારમાં ઉતારી શકાય તેવું છે કે કેમ તે જોવા માટે, એ જીવન પૂર્ણપણે જીવવાનું શરૂ ન કરો ત્યાં સુધી તમારુ જીવન સાવ ખાલી અને નિરર્થક રહે છે. એટલે એના વિશે કંઈક કરવાનું આજે જ શરૂ કરી દો. તેના પ્રત્યે આળસુ ન બનતા ધ્યેય પ્રાપ્તિ માટે મંડી પડો....

**- આર્ચી ધ્રુવલ શાહ (સંકલિત) (ધો.૧૦)**

## શુભેચ્છા સંદેશ

### શારદામંદિર શાળાનો ૧૦૨મો સ્થાપના દિવસ - એક ગૌરવગાથા

શિક્ષણ એ સમાજની સાચી સમૃદ્ધિનું મૂળ છે અને જ્યારે એવી શાળા ૧૦૧ વર્ષ પૂર્ણ કરે ત્યારે એ માત્ર સંસ્થા નથી રહી, પણ એક સંસ્કાર કેન્દ્ર બની જાય છે.

શારદામંદિર શાળા એવાં જ અવિરત પ્રયાસો અને ઉત્કૃષ્ટ શિક્ષણ પ્રવાહનું પ્રતિક છે.

વર્ષ ૧૯૨૪માં સાધનસીમિતતા હોવા છતાં, દૃષ્ટિવાન સંસ્થાપકો દ્વારા આ શાળાનો પાયો નાંખ્યો હતો. આજે શારદામંદિર માત્ર ભણતર પૂરતું મર્યાદિત નથી. પણ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત અને દેશપ્રેમના બીજ પણ વાવે છે.

૧૦૧ વર્ષ પૂર્ણ - એક દીર્ઘકાળની સફળતા જેમાં અનેક ધોરણો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓના સહયોગ અને સહકારના પાયા પર શાળાએ વિકાસના અનેક શિખરો સર કર્યા છે.

આ શાળાની દિવાલો પર એ દરેક બાળકની સ્મૃતિ સચવાયેલી છે જેઓ અહીંથી જીવનમાર્ગ પર આગળ વધ્યા છે અને સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. અહીંના શિક્ષકો માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદીત નથી, પણ વિદ્યાર્થીઓ જીવનનું અમૂલ્ય ઘડતર કરે.

આજના આ પવિત્ર દિવસ પર આપણે આપણી શાળાની સ્થાપના પાછળ રહેલા સંસ્થાપકોને વંદન કરીએ, આજના શિક્ષકોને અભિનંદન કરીએ અને ભવિષ્યના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનીએ.

શારદામંદિર શાળા - જ્યાં જ્ઞાન છે, ત્યાં પ્રકાશ છે.

અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ કે અમે આવી સંસ્થાનો એક ભાગ છીએ.

ચાલો, આ આશીર્વાદરૂપ યાત્રાને વધુ ઉજળા ભવિષ્ય તરફ લઈ જઈએ.

**- ઋષય ત્રિવેદી (ભૂતપૂર્વ વિદ્યાર્થી)**

---

પ્રિય આચાર્યશ્રી, ગુરુજનો અને વ્હાલા વિદ્યાર્થીમિત્રો,

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦'ના અમલથી શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ આયામો સ્થાપિત કરી રહ્યું છે ત્યારે, આપની શાળાએ ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષામાં ૧૦૦% પરિણામ હાંસલ કરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ગુરુજનો અને આચાર્યશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન થકી વિદ્યાર્થીમિત્રોએ આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને નિયમિત મહેનતથી ઉત્તમ પરિણામ મેળવી પોતાનું તથા શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. પણ, આપણે એક વાત બરાબર યાદ રાખવાની છે કે 'સફળતા એ અંત નથી, પરંતુ નવી શરૂઆત છે.'

શાળા અને વિદ્યાર્થી મિત્રો શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો અને ભવિષ્યમાં નવા ઉચ્ચતમ શિખરો સર કરો તેવી અભ્યર્થના સાથે શાળા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**- પ્રફુલ પાનશેરીયા**
**(મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)**

---

### શારદામંદિર શતાબ્દી વર્ષની ઉજવણી - ગુરુવંદના

પૂજનીય એવમ્ વંદનીય શ્રીમતી ઉષાબેન ભટ્ટ (ભૂતપૂર્વ શિક્ષક ધો. ૫ થી ૭ - અંગ્રેજી વિષય)ના સન્માન બદલ શાળા તેમજ શાળાના ટ્રસ્ટીમંડળનો આભાર વ્યક્ત કરું છું.

વિલ્સન કોલેજ, મુંબઈથી સ્નાતકની પદવી મેળવી બી.ટી. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાંથી કર્યા પછી તેઓએ વનિતા વિશ્રામ, મુંબઈ ખાતે શૈક્ષણિક કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ વાંસદા તેમના વતનમાં આવેલી પ્રતાપ હાઈસ્કુલમાં આચાર્યનો કાર્યભાર સંભાળ્યો. ગૃહસ્થ જીવનના પંદર વર્ષ બાદ તેમણે ૧૯૭૩માં શારદામંદિર સાથે જોડાયા અને ૧૯૯૦ સુધી કાર્યરત રહ્યા.

તેમના માટે શિક્ષક હોવું તે ભાગ્યની વાત હતી. પરંતુ વિદ્યાર્થીઓના હૃદયમાં સ્થાન મેળવવું તે સૌભાગ્યની વાત છે. શિક્ષકની કારકિર્દી પ્રચારક નહીં પણ સર્જક તરીકેની હોય છે જે તેમણે બખૂબી નિભાવી.

શાળા તેમજ ટ્રસ્ટીમંડળનો ફરી એકવાર આભાર.

શુભમ્ ભવતુ ! કલ્યાણમસ્તુ !

**- અમલ અને રીટા ઠાકોર**

## શુભેચ્છા સંદેશ



આપણી શાળા શિક્ષણ વર્તુળમાં ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ કાર્ય કરે છે અને સમાજમાં શિક્ષણક્ષેત્રે આપણી શાળાનું આગવું યોગદાન રહેલ છે તે માટે DSSET સમાજ દ્વારા આપણી શાળાને એક મોમેન્ટો આપવામાં આવેલ જે બદલ DSSET સમાજનો ખૂબ ખૂબ આભાર.

---

## અભિનંદન પત્ર

### ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ એસોસીએશન

### શ્રી મણીકાકા સ્કુલ ટુર્નામેન્ટ (મલ્ટી ડેઝ) ૨૦૨૫-૨૬

શ્રી વિજય રાવલ (પ્રિન્સીપાલ), શ્રી જીગ્નેશ પટેલ (કોચ)
શારદામંદિર વિનયમંદિર સ્કૂલ, પાલડી, અમદાવાદ.

માનનીય,

અંડર-૧૪ ટીમે સી.બી.સી.એ. આયોજિત શ્રી મણીકાકા સ્કૂલ ટુર્નામેન્ટ (૨૦૨૫-૨૬) અંતર્ગત રમાયેલી બંને લીગ મેચોમાં ભવ્ય વિજય મેળવી સેમીફાઈલનમાં સ્થાન મેળવ્યું છે. ટીમની આ શ્રેષ્ઠ સફળતા બદલ આપ માર્ગદર્શકો માટે ગર્વની લાગણી અનુભવીએ છીએ. તમારું નેતૃત્વ અને ખેલાડીઓની મક્કમ મહેનત સ્પષ્ટપણે ટીમના સતત પ્રગતિશીલ પ્રદર્શનમાં દેખાઈ આવે છે.

પ્રથમ મેચ : તા. ૧૭-૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫

| | |
|---|---|
| એશિયા ઈંગ્લીશ સ્કુલ - ૧૬૨/૧૦ | શારદામંદિર વિનયમંદિર - ૧૭૪/૪ |
| યશવીર ગોહીલ - ૫૯ | વિકાસ ચૌહાણ - ૭૩ |
| ધ્યેય શાહ - ૦૫/૨૯ | ઋષિરાજ ઝાલા - ૩૭ |
| શ્લોક પટેલ - ૦૨/૨૮ | શ્લોક પટેલ - ૨૦ |
| | અનુષ પાનીકર - ૦૨/૪૩ |

વિજયી ટીમ- શારદામંદિર વિનયમંદિર (પ્રથમ ઈનિંગની લીડથી વિજય)

દ્વિતીય મેચ : તા. : ૨૩-૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫

| | | | |
|---|---|---|---|
| શાહપુર ટ્યુટોરીયલ સ્કુલ | - ૫૪/૧૦ | શારદામંદિર વિનયમંદિર | - ૩૧૩/૧૦ |
| વત્સયન વાઘેલા | - ૧૧ | શ્લોક પટેલ | - ૧૭૮ |
| યક્ષ નિરવ શાહ | - ૦૫/૨૧ | વિકાસ ચૌહાણ | - ૩૯ |
| શ્લોક પટેલ | - ૦૩/૧ | કાનન પુજારા | - ૨૫ |
| ધ્યેય શાહ | - ૦૨/૧૧ | પહેલ વ્યાસ | - ૦૪/૯૩ |
| | | અરકન પઠાણ | - ૦૩/૯૧ |

વિજયી ટીમ શારદામંદિર વિનયમંદિર (એક ઈનિંગ અને ૧૪૯ રનથી વિજય)

આ વિજયનો શ્રેય કોચ સર, સમગ્ર ટીમ તથા વિદ્યાસ્થળના માર્ગદર્શનને જાય છે.

શ્રી વિજય રાવલ સાહેબ અને શ્રી જીગ્નેશ પટેલ સાહેબ, આપના નેતૃત્વમાં ખેલાડીઓએ નિભાવેલી સ્પર્ધાત્મક ભાવના અને શ્રેષ્ઠ રમત દર્શન બદલ આપને દિલથી અભિનંદન.

હવે, ટીમ સેમીફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, એ બધુ એક મોટી સિદ્ધિ તરફ પગલું છે. આગામી રાઉન્ડ માટે આખી ટીમને શુભકામનાઓ. વિજયી પથ પર આક્રમક અને સમર્પિત યાત્રા ચાલુ રહે એવી શુભકામનાઓ સાથે..

સસ્નેહ,
રાકેશ પુજારા
અભિનેતા, લેખક, દિગ્દર્શક

## શિક્ષક વિભાગ

### શિક્ષક દિવસની શુભેચ્છાઓ

વિદ્યાર્થી મિત્રો, એક શિક્ષક શું કરી શકે !

જીવનનું ઘડતર ઘડનાર, સાચી દિશા ચીંધનાર
ઉચ્ચ શિક્ષણ ધીરનાર, જીવનમાં આદર્શ દેખાડનાર
સહૃદયી અને સહિષ્ણુ વ્યક્તિત્વ ધરાવનાર
ખોટા રસ્તે જતા વાળનાર, પારિવારિક મૂલ્યોને નિભાવનાર
ઈર્ષા, અદેખાઈને જાકારો આપનાર
ઠોઠ નિશાળીયાને હોંશિયાર બનાવનાર
હોંશિયાર વિદ્યાર્થીને પથ બતાવનાર, અગણ્ય સેવાઓ પીરસનાર
સદાય હસતા મોઢે કામ કરનાર, માબાપ ન સાચવી શકે એવાને પણ સાચવનાર,
દિલથી અને દિમાગથી વિશિષ્ટ રીતે ભણાવનાર
વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે સંપર્ક નિભાવનાર
ક્યારેક મસ્તી કરતાં ને ખિજાઈ જનાર
એવા આ દુનિયામાં તમામ જાનદાર, શાનદાર ને પોતાના વ્યવસાયને વફાદાર.

તમામ શિક્ષક મિત્રોને, વિદ્યાર્થીઓ અને વાલીગણને મારા નમસ્કાર, શત શત પ્રણામ, વંદન અને શુભેચ્છાઓ

**- નલિન ત્રિવેદી (મ.શિક્ષક)**

### બાળકને શિક્ષણ સાથે સંસ્કાર આપો

આજના સમયમાં બાળકને જન્મ આપી તેનું લાલન પાલન કરવું એક મોટો પડકાર છે. સારા અભ્યાસની સાથે તેનામાં સારી ટેવો, નિયમિતતા શીખવવી અઘરી છે. આજે ભણતરના ભાર નીચે અને મોબાઈલમાં વધુ પડતા ઉપયોગથી બધુ દબાઈ જાય છે.

આજે દીકરાની સાથે દીકરીને પણ ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે. કેરીયરની ઘેલછા એટલી બધી વધી ગઈ છે કે આગળ જતાં વાસ્તવિક જીવનમાં મુશ્કલી પડે છે, ત્યારે આપણને ખૂબ પસ્તાવો થાય છે. કારણકે પહેલાના સમયમાં આપણે દીકરીઓને ઘરના કામ શીખવતા હતાં, સાથે અભ્યાસ પણ. અત્યારના સમયમાં દરેક માતા કહે, 'બિચારી ભણીને થાકી ગઈ છે.' વળી હોસ્ટેલમાં રહેતાં હોવાથી ઘરકામ કે રસોઈ કામમાં ધ્યાન દીકરીઓ અને માતાઓ આપતી નથી. પરિણામે કાળક્રમે જીવનમાં પ્રશ્નો ઉભા થાય છે. માત્ર પુસ્તકનું જ્ઞાન અને ડીગ્રીઓ કામ લાગતી નથી.

આજે દરેક માતા-પિતા વિચારે છે કે જે મુશ્કેલી, અગવડ, તકલીફ અમે ભોગવી તે અમારા સંતોનોને ન પડે. તેથી સારામાં સારી શાળામાં અભ્યાસ કરાવે છે અને મોંઘી ફી ભરીને સગવડો આપે છે. ઘરના કામ ન આવડે તો ચાલશે પણ અભ્યાસમાં હોંશિયારી અને ટકાવારી સારી આવવી જોઈએ, એવી માનસિકતાને કારણે આજની દીકરીઓને નથી રસોઈ કરતા આવડતી કે નથી ઘરકામ કરતાં આવડતું અને આની સાથે સાસુ સસરાની સેવા કરવી તો દૂરની વાત છે. આ બધી પરિસ્થિતીને કારણે જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો માતા પિતાએ અને દીકરીઓને કરવો પડે છે. હાલના સમયમાં શિક્ષણ લેવું જરૂરી છે. પણ સાથે ઘરકામ શીખવું એટલું જ જરૂરી છે.

દીકરા-દીકરીઓ કેટલું ભણ્યા એ તેમના સર્ટીફીકેટથી ખબર પડશે, પણ તમારું વ્યક્તિતવ કેવું છે તે તેના વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા જાણી શકાય. તેથી દરેક બાળકને ભણતર સાથે સંસ્કાર આપો. નહીંતર એક સમયે દરેક માતા પિતાએ સંતતિ અને સંપત્તિ બંને ગુમાવવાનો સમય આવશે.

આપણે આપણા દીકરા અને દીકરીઓને માત્ર ભણતર, સ્પર્ધાઓ અને અન્ય પ્રવૃત્તિઓમાં પ્રાધાન્ય આપતાં શીખવ્યું છે. પણ આંકડામાં પગાર લાવતી દીકરીઓમાં જો આ ગુણો નહીં હોય તો ડિગ્રીઓ કોઈ જ કામની નથી. માટે ભણતરની સાથે સાથે દીકરા-દીકરીઓને સંસ્કાર, લાગણી, નમ્રતા અને પરિવાર સાથે રહેવાની ભાવના જેવા ગુણોનું પણ સિંચન અનેક માતા પિતા તરીકે કરવું જોઈએ.

**- નલીન ત્રિવેદી (શિક્ષક)**

## બાલમંદિર વિભાગ

- તા. ૯-૬-૨૫ને સોમવારથી નવું સત્ર શરૂ થયું. બાળકો લાંબી રજાઓની મજા માણી ઉત્સાહભેર શાળાએ આવ્યા.
- સંગીતમાં ગવાતા ગીતોએ અને તાલબધ્ધ સંગીતે બાળકોને આનંદમાં લાવી દીધા.
- શરૂઆતમાં જીવનમાં ઉપયોગી એવા પાઠ જેવા કે નખ કાપવા, હાથ ધોવા, નિયત જગ્યાએ બાથરૂમ જવું. ચંપલ યોગ્ય સ્થાને મૂકવા, લાઈનમાં ચાલવું,દાંતની સફાઈ, વૃક્ષોની જાળવણી કરવી, જેની સમજ પ્રત્યક્ષ પાઠ દ્વારા આપી.
- તા. ૨૧-૬-૨૫ને શનિવારે ''ભૂંડી ઉંદરડી''ની વાર્તા પપેટ રૂપે રજૂ કરી સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું.
- ''વિશ્વ યોગ દિન'' નિમિત્તે જીવનમાં સ્વસ્થ રહેવા માટે યોગનું મહત્વ સમજાવી બાળકોને સરળ યોગ કરાવવામાં આવ્યા.
- તા. ૨૬-૭-૨૫ને ગુરૂવારે રથયાત્રા પર્વનું મહત્વ સમૂહવાર્તા દ્વારા સમજાવી મગ, જાંબુ, કેરી, કાકડીનો પ્રસાદ આપવામાં આવ્યો.
- તા. ૩૦-૭-૨૫ને સોમવારે જવારાની વાવણી કરી સાતધાનની ઓળખ આપી.
- અનાજ, કઠોળ, દાળની ઓળખ કરાવી ખોરાકમાં તેનું મહત્વ સમજાવ્યું.
- તા. ૭-૭-૨૫ને સોમવારે ગૌરીવ્રત નિમિત્તે નાની બાળાઓએ જવારાનું પૂજન કરી 'ગોરમાનો વર કેસરિયો' ગીત ગાયું.
- તા. ૧૦-૭-૨૫ને ગુરૂવારે ગુરૂપૂર્ણિમાની સમજ આપી જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવ્યું.
- તા. ૩૦-૭-૨૫ને બુધવારે શાળાના સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. શ્રી વિજયભાઈ અને શ્રી સાકેતભાઈએ દિપ પ્રાગટ્ય કરી બાલપૂજન કર્યું.
- તા. ૩૧-૭-૨૫ને ગુરૂવારે બાગાયાતના પાઠ દ્વારા બાગકામમાં વપરાતા સાધનોની ઓળખ આપી મેથીની વાવણી કરી.
- તા. ૮-૮-૨૫ને શુક્રવારે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી, બાળકોને હાથે રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું.
- તા. ૧૪-૮-૨૫ને ગુરૂવારે ૧૫મી ઓગસ્ટનું મહત્વ સમજાવી કૂચ કરી રાષ્ટ્રગીત ગાયું.
- તા.૨૨-૮-૨૫ને શુક્રવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી, ભાઈશ્રી અથર્વએ કંસના પાત્રને ખૂબ સુંદર રીતે ભજવ્યું. શંકરના પાત્રમાં ચિ. પ્રિયલ તથા જશોદાના પાત્રમાં ચિ.દિયા એ સુંદર અભિનય કર્યો. મૈયા મોરી... ગીતમાં ચિ. હિર તથા ચિ. ક્રિશા અને નાગદમનમાં બાળ કનૈયો બની ચિ. હિરવાએ સુંદર રીતે રજુઆત કરી. આકાશવાણી બનેલ ચિ. ઉરવા એ સુંદર અભિનય કર્યો. નાના એવા છાવીબેને બાલકૃષ્ણના દર્શન કરાવ્યા.
- મહાવીર જન્મ વાંચનની તા. ૨૩-૮-૨૫ ને શનિવારે ઉજવણી કરી મહાવીર ભગવાનના જીવન ચરિત્ર વિશે બાળકોને સમજ આપી ચૌદ સૂપન પ્રત્યક્ષ બતાવી ભગવાનને પારણામાં ઝુલાવ્યા.
- તા. ૨૬-૮-૨૫ને મંગળવારે ઢોલ-નગારા સાથે ગણપતિ સ્થાપન કરી ધૂન બોલાવી.
- બાળકોને સુગંધી પાન તથા સુગંધી ફૂલની ઓળખ કરાવી તેના ઉપયોગ અંગે માહિતગાર કર્યા.
- તા. ૪-૯-૨૫ને ગુરૂવારે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. બાળકોએ શિક્ષક માટે સુંદર વ્યક્તવ્ય રજૂ કર્યું.
- તા. ૨૬-૯-૨૫ને શુક્રવારે નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી. બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો. શ્રી નમ્રતાબેન તથા શ્રી મોનાબેન અતિથિવિશેષ તરીકે આવી બાળકોની અભિવ્યક્તિને બિરદાવી. બાળકોએ મંજીરા, ગરબી, હીંચ, રાસ લઈ વિવિધ રીતે ગરબાની રમઝટ બોલાવી.
- મોટા ઝાડના પાનની ઓળખ કરાવી ક્રિડાંગણમાં આવેલા મોટા ઝાડ જેવા કે લીમડો, આંબલી, વડ, આસોપાલવ, નિલગીરી, પીપળો બતાવી વૃક્ષોનું મહત્વ સમજાવ્યું.
- તા. ૧-૧૦-૨૫ને બુધવારે ગાંધી જયંતિની ઉજવણી કરી પૂ. ગાંધીજીને યાદ કર્યા.
- તા. ૪-૧૦-૨૫ને શનિવારે 'સસલાભાઈ સ્કુટર લાવ્યા' નાટક દ્વારા બાળકોને ટ્રાફિકના નિયમોની સમજ આપી. વાહન ચલાવતી વખતે શું સાવચેતી રાખવી તે સમજાવ્યું.
- દિવાળી પર્વ નિમિત્તે સમૂહવાર્તા દ્વારા પર્વનું મહત્વ સમજાવી વર્ગસફાઈ, મહેમાનનું સ્વાગત, દિવાળીકાર્ડ, કોડિયા ડેકોરેશન, સાથિયા, તોરણ, રંગોળી જેવી વિવિધ પ્રવૃત્તિમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો.
- સત્ર દરમ્યાન બાળકોએ શિક્ષક સાથે અવનવી ઈતર પ્રવૃત્તિઓ જેવી કે નાટક, પપેટ, બાલસભા, સમૂહ વાર્તા, રમતોમાં ભાગ લીધો તથા વર્ષ દરમ્યાન ઉજવાતા દરેક તહેવારની મજા માણી.

# શિશુમંદિર વિભાગ

## શાળામાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓ

આપણા દરેક દિવસ સાથે જોડાયેલી છે એ વાત છે આપણા ખોરાકની. ખોરાક બે પ્રકારના હોય છે. પૌષ્ટિક અને અપૌષ્ટિક. આપણે આપણા શરીરની તંદુરસ્તી વધારવા માટે કેવા પ્રકારનો ખોરાક ખાવાનો પસંદ કરવો જોઈએ અને કેવા પ્રકારનો ખોરાક ખાવાનું ટાળવું જોઈએ, આ વિષય વસ્તુ પર આધારિત શનિવાર તા.૫-૭-૨૫ના દિવસે આપણી શાળાના વિદ્યાર્થીઓએ બાલસભામાં નાટકો દ્વારા રજૂ કર્યા, જોડકણા ગાયા, પૌષ્ટિક ખોરાકનો જ આગ્રહ રાખવાની અને અપૌષ્ટિક ખોરાકને ટાળવાની પ્રતિજ્ઞા લીધી. પૌષ્ટિક ખોરાક પણ આપણે કેવી રીતે ખાવો જોઈએ એની શિક્ષકો દ્વારા સમજ આપવામાં આવી. આનંદદાયી આ બેગલેસ દિવસની શનિવારની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ જંકફૂડને જાકારો વિષય પર નિબંધ લખ્યા અને આ વિષય આધારીત ચિત્રો પણ દોર્યા.

### જન્માષ્ટમીની ઉજવણી

**માખન ચુરાકર જીસને ખાયા... બંસી બજાકર જીસને નચાયા ખુશી મનાઓ ઉન્કે જન્મદિનકી, જીસને પ્રેમકા રાસ્તા દિખાયા...**

સર્વ આકર્ષિત ઈતિ કૃષ્ણ.

જન્માષ્ટમી એટલે શ્રીકૃષ્ણ પ્રાકટ્ય દિવસ. ભગવાન શ્રી કૃષ્ણમાં એક અનોખી વાત એ છે કે તેઓ સૌને આકર્ષે છે. કૃષ્ણનો ગીતામાં સૌથી મહત્વનો ઉપદેશ એ છે કે માણસ માત્ર એ નિષ્ઠાપૂર્વક કર્મ ફળની આશા વગર કરવાનું છે. જો વ્યક્તિ સત્યના રસ્તે, ધર્મના રસ્તે ચાલશે તો હંમેશા કૃષ્ણ તેનો માર્ગદર્શક બનીને સાથે ચાલશે. આપણી શાળામાં તા. ૨-૮-૨૫ના રોજ વિદ્યાર્થીઓએ શાળામાં શ્રી કૃષ્ણ જન્મના વિવિધ પ્રસંગો ઉજવ્યા, શ્રી કૃષ્ણની વિવિધ બાળલીલાઓ ભજવી. આ બાલસભામાં બાલકૃષ્ણનું પારણું ઝૂલાવી, ભગવાન શ્રી કૃષ્ણની આરતી અને ધૂન કરી ભગવાન શ્રી કૃષ્ણને આકર્ષિત કરે તેવી દષ્ટિ કેળવવાની શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રયત્નો થયા.

વર્ષાઋતુના તમામ ઉત્સવો, તહેવારો અને વ્રતોની શરૂઆત અષાઢી પૂર્ણિમા 'ગુરૂપૂર્ણિમા'થી પ્રારંભ થાય છે.

તા. ૧૨-૭-૨૫ શનિવાર બેગલેસ દિવસના રોજ બાલસભાનો વિષય વર્ષાઋતુ અને ગુરૂપૂર્ણિમા રાખવામાં આવેલો હતો.

આ બાલસભામાં વિદ્યાર્થીઓએ વર્ષાઋતુનુ મહત્વ દર્શાવતી સ્પીચ આપી, રેઈનકોટ અને છત્રી લઈને વર્ષાઋતુના ગીતો ગાયા.

ગુરૂપૂર્ણિમા એટલેકે વ્યાસપૂર્ણિમા, આ બાલસભામાં ગુરુનું મહત્વ દર્શાવતા શ્લોકો અને તેના ભાવાર્થ, ગીતો, નાટકો વગેરે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયા. ગુરુને સાક્ષાત પરંબ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાના દિવસે વિદ્યાર્થીઓ ગુરુનું પૂજન કરે છે અને સાથે ગુરુની પણ ફરજમાં આવે છે કે તેઓ પોતાના શિષ્યની આંગળી પકડીને જ્ઞાનના એક એક પગથિયા ઉપર ચઢાવે જેથી વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન થાય, સાથે વિદ્યાર્થીઓ સફળતાના શિખરો સર કરે.

વિદ્યાર્થીઓમાં ગુરુ-શિષ્ય ભાવના અંગેના સંસ્કારનું સિંચન કરવાના શુભ આશયથી ગુરુપૂર્ણિમા નિમિત્તે ભારત વિકાસ પરિષદ તરફથી તા. ૧૨-૭-૨૫ના રોજ એક સુંદર આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ તેમના ગુરૂજનોને ફૂલ આપી પૂજન કર્યું અને ગુરૂજનોએ વિદ્યાર્થીઓને સાકર આપી મોઢુ મીઠું કરાવ્યું.

"ગુરુ બિન કૈસે ગુન ગાવે, ગુરુ ન આવે તો જ્ઞાન નહી આવે, સબ ધરતી કા કાગજ કરું, કલમકરું બનરાઈ, સાત સમંદર કી રૂશનાઈ કરું, ગુરુ ગુણ લીખો ન જાઈ...."

### નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા

કોઈ આપેલા વિષય પર પોતાના વિચારોને સુંદર રીતે રજુ કરવા માટે નિબંધ સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ તક છે. નિબંધ લખવાથી વિદ્યાર્થીઓના વિચારવાની શક્તિ વધે છે. ભાષા વધુ સારી અને સુવ્યવસ્થિત બને છે. નિબંધ લખવાથી વિદ્યાર્થીઓને પોતાના વિચારોને કાગળ પર ઉતારવાની તક મળે છે. સાથે નવી માહિતી મેળવવાની ઈચ્છા થાય છે અને વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.

તા. ૧૯-૭-૨૦૨૫,શનિવારના રોજ અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા આપણી શાળામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં જુદી જુદી શાળાના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને આપણી શાળાના નીચેના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો અને તેઓએ સર્ટિફીકટ અને રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ.

| | | |
|---|---|---|
| પ્રથમ નંબર | ધો.૫ | પટેલ યશ્વી શૈલેષભાઈ |
| દ્વિતીય નંબર | ધો.૫ | જાદવ વિશ્વા હેમંતભાઈ |
| પ્રથમ નંબર | ધો.૮ | ધામેલ ગ્રીષ્મા વૈભવકુમાર |
| તૃતિય નંબર | ધો.૮ | ડોડિયા ક્રિષ્ના સંદીપભાઈ |

ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન.

# શિશુમંદિર વિભાગ

વક્તૃત્વ એટલે પોતાના વિચારોને શબ્દોમાં વ્યક્ત કરવાની કળા. આજના સમયમાં વક્તૃત્વનું ખૂબ જ મહત્વ છે. વિદ્યાર્થીઓ જ્યારે કોઈ વિષય પર તૈયારી કરીને મંચ ઉપર ઉભા રહીને પોતાના વિચારો વ્યક્ત કરે છે ત્યારે વિદ્યાથીઓનો આત્મવિશ્વાસ વધે છે. ભાષા કૌશલ્યનો વિકાસ થાય છે અને વિચારશક્તિ તેજ બને છે. એટલે જ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના નિર્માણ માટે શાળામાંથી વિદ્યાર્થીઓને તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ રોટરી ક્લબ દ્વારા આયોજિત સ્પર્ધામાં નીચેના વિદ્યાર્થીઓને શાળા દ્વારા વિભાગ પ્રમાણે પસંદ કરીને મોકલવામાં આવેલ.

શારદામંદિર શિશુમંદિર

| | |
|---|---|
| ધામેલ ગ્રીષ્મા વૈભવકુમાર | (ધો.૮) |
| ખખ્ખર તીર્થ ચંદ્રેશભાઈ | (ધો.૮) |
| શાહ આયુષ તારકકુમાર | (ધો.૮) |
| વિસાણી માન્યા જીજ્ઞેશભાઈ | (ધો.૭) |
| ગોહિલ શ્રુતિ વિનોદભાઈ | (ધો.૬) |
| પટેલ યશ્વી શૈલેષભાઈ | (ધો.૫) |

જેમાં દરેક વિદ્યાર્થીઓએ રોટરી ક્લબ તરફથી સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ.જે બદલ તેઓને ખૂબ અભિનંદન.

તા. ૬-૯-૨૦૨૫ના રોજ ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ દ્વારા આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં આપણી શાળાના શિશુમંદિર વિભાગના નીચેના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

ડોડિયા ક્રિષ્ના સંદિપભાઈ

મનાણી ધાર્મી યોગેશભાઈ

તેઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ જે બદલ ખૂબ અભિનંદન.

## શિશુમંદિર વિભાગ (ધો.૧ થી ૮) ના ગ્રુપ

### છોકરીઓ

| | | |
|---|---|---|
| મહામંત્રી | ડોડિયા ક્રિષ્ના સંદિપભાઈ | ધો.૮ |
| ઉપમંત્રી | સોલંકી પરીન ચેતનભાઈ | ધો.૮ |
| | ટાંક વૃંદા તુષારભાઈ | ધો.૮ |
| **ગ્રુપ કેપ્ટન** | | |
| ગંગોત્રી | ટાંક વૃંદા તુષારભાઈ | ધો.૮ |
| | મુંજપરા સ્નેહી અમરભાઈ | ધો.૭ |
| મેઘનાદ | ધામેલ ગ્રીષ્મા વૈભવકુમાર | ધો.૮ |
| | બથવાર માહિ પરષોત્તમભાઈ | ધો.૮ |
| રત્નદીપ | વિશાણી માન્યા જીગ્નેશભાઈ | ધો.૭ |
| | ત્રિવેદી મોક્ષા કૃણાલભાઈ | ધો.૮ |
| ધવલગીરી | મનાણી ધાર્મિ યોગેશભાઈ | ધો.૮ |
| | ખાચર ઝલક સતવીરભાઈ | ધો.૮ |

### છોકરાઓ

| | | |
|---|---|---|
| મહામંત્રી | ઠાકોર ક્રિષ સુરેશભાઈ | ધો.૮ |
| ઉપમંત્રી | શાહ આયુષ તારકભાઈ | ધો.૮ |
| | ખખ્ખર તીર્થ ચંદ્રેશકુમાર | ધો.૮ |
| ગ્રુપ કેપ્ટન | | |
| ગંગોત્રી | પાસી સૂરજ રામકિશનભાઈ | ધો.૮ |
| | શાહ નૈતિક મિતુલકુમાર | ધો.૭ |
| મેઘનાદ | જોષી ધર્મજ્ઞ વિમલકુમાર | ધો.૮ |
| | ચૌહાણ હિતાર્થ કાનજીભાઈ | ધો.૭ |
| રત્નદીપ | વાળંદ ધ્રુવ પ્રભુભાઈ | ધો.૭ |
| | ઝાલા યશવર્ધન નરપતસિંહ | ધો.૮ |
| ધવલગિરી | જાદવ જીહાન કમલેશભાઈ | ધો.૮ |
| | પરમાર સમીર પ્રકાશભાઈ | ધો.૭ |

**આપણી શાળા શારદામંદિર નો ૧૦૨માં વર્ષમાં મંગલ પ્રવેશ**

શ્રાવણ સુદ સાતમ, તા.૩૧-૭-૨૦૨૫ના રોજ આપણી શાળાએ તેનો ૧૦૨મો સ્થાપના દિવસ ગૌરવપૂર્વક એક સુંદર કાર્યક્રમ સાથે ઉજવ્યો. જેમાં વિદ્યાર્થીઓની પ્રતિભા અને શાળા પ્રત્યેનું સમર્પણ જોવા મળ્યું.

ઉજવણીનું મુખ્ય આકર્ષણ 'બાલરથી' હતું. જે વિદ્યાર્થીઓ દ્વારા કાળજીપૂર્વક રચાયેલ પરંપરાગત રથ હતો. જેની સાથે લયબધ્ધ સંગીત પણ હતું જેણે વાતાવરણને પણ સૂરમય બનાવ્યું હતું. ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓએ બાલપૂજન કર્યું. ત્યારબાદ એક શિસ્તબદ્ધ કૂચ કરવામાં આવી. જ્યાં વિદ્યાર્થીઓએ ગર્વથી ધ્વજ અને ફુગ્ગાઓ લહેરાવ્યા હતાં. જેનાથી ઉત્સવનું વાતાવરણ વધુ ને વધુ મનોરમ્ય બનેલ. કાર્યક્રમનું સમાપન શાળાની દીકરીઓ દ્વારા સુંદર ગરબાની પ્રસ્તુતિ સાથે થયું. જેણે કાર્યક્રમને વધુ નયનરમ્ય બનાવ્યો.

આ કાર્યક્રમની સફળતા પાછળ આપણા સમર્પિત શિક્ષકો દ્વારા કરવામાં આવેલી મહેનત અને યોજનાબદ્ધ આયોજનનો પુરાવો છે. શાળાના સમૃદ્ધ ઈતિહાસની ઉજવણી કરતો આ એક યાદગાર દિવસ હતો.

## શિશુમંદિર વિભાગ

સ્વાતંત્ર્ય દિવસ આપણા દેશ માટે ગૌરવ અને આનંદનો પાવન તહેવાર છે. આઝાદી એ ફક્ત બંધનમાંથી મુક્ત થવું નથી, પણ એ છે આપણા વિચારોમાં સ્વતંત્રતા, આપણા કાર્યોમાં જવાબદારી અને આપણા હૃદયમાં દેશપ્રેમ. સ્વાતંત્ર્ય દિવસ આપણામાં દેશપ્રેમ, જવાબદારીની ભાવના અને પ્રવૃત્તિનો સંકલ્પ જગાવે છે.

ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ તા. ૨૩-૮-૨૦૨૫ ના રોજ બાલસભામાં સ્વાતંત્ર્ય દિવસની થીમ પર ઉજવણી ખૂબ ઉત્સાહ અને દેશપ્રેમ સાથે કરી.

સાચા અર્થમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ત્યારે જ ગણાય જ્યારે વિદ્યાર્થીઓ અને આપણે સૌ જીવનભર દેશની સેવા કરવાની ભાવના રાખીએ અને આપણે સૌ સાચા નાગરિક બનીને દેશના વિકાસમાં યોગદાન આપીએ.

ગણેશ ચતુર્થી આપણો લોકપ્રિય અને શ્રદ્ધાભર્યો તહેવાર છે. ભગવાન શ્રી ગણેશની વિઘ્નહર્તા અને સિધ્ધિદાતા કહેવામાં આવે છે. આ તહેવાર આપણને જ્ઞાન, બુદ્ધિ અને ધૈર્યનું મહત્વ સમજાવે છે. આપણી ભારતીય સંસ્કૃતિને જાળવી રાખવા ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ તા. ૨૩-૮-૨૫ના રોજ બાલસભામાં ગણપતિની પ્રતિમાનું સ્થાપન કરી પૂજા, આરતી કરી ભક્તિગીતો, નૃત્ય, નાટક દ્વારા ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણી કરી.

### શાળાના મંડળી ગરબા

ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાને આપણામાં જીવંત રાખવા માટે તા. ૧૯-૯-૨૦૨૫, શુક્રવારની રળીયામણી સાંજે શાળાના શિક્ષકો અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે શાળાના પ્રાંગણમાં મંડળી ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ગરબાના કાર્યક્રમની શરૂઆત માતાજીના આશીર્વાદ અને સકારાત્મક ઉર્જા મેળવવા માટે તેમની આરતી કરીને કરવામાં આવી.

આપણી શાળામાં આ ગરબાની સાંજને આકર્ષક અને મનોહર બનાવવા માટે સુંદર ડેકોરેશન કરવામાં આવ્યું હતું. જેણે સૌના મન મોહી લીધા હતાં તેનાથી ખેલૈયાઓના આનંદ અને ઉત્સાહમાં વધારો થયો.

મંડળી ગરબામાં ઢોલ, શરણાઈ, મૃદંગ જેવા વાદ્યોની સાથે ગરબા રમવાનો સૌનો ઉત્સાહ બમણો થઈ ગયો. શાળાના મેદાનમાં ચણિયાચોળી, ઝભ્ભા-કુર્તા, કેડિયા જેવા આકર્ષક ટ્રેડિશનલ પહેરવેશ સાથે રમતા ખેલૈયાને કારણે આખું મેદાન રંગીન અને ઝળહળતું લાગતું હતું.

શારદામંદિર શાળા દ્વારા આયોજીત આ મંડળી ગરબાના કાર્યક્રમે નવરાત્રીના ઉત્સવને ખરેખર જીવંત બનાવી દીધો.

## શાળાનું ગૌરવ



વિનયમંદિર વિભાગનો ધો.૧૧ સાયન્સનો વિદ્યાર્થી ચિ. પાર્થિવ પરમારે કરાટેની રમતમાં અનુક્રમે નીચે મુજબ મેડલ્સ પ્રાપ્ત કરેલ

| વર્ષ | રમત વિભાગ | મેડલ |
|---|---|---|
| 2021 | All India Shito-rya Karate Tournament | Silver |
| 2022 | Karate Da Federation of Gujarat | Gold |
| 2022 | 3rd All India Karate Tournament (SSKAI) | Gold |
| 2023 | Karate Da Federation of Gujarat | Gold |
| 2023 | All India Karate National Level Chmapionship | Gold |
| 2024 | School Level Games | Gold |
| 2024 | Karate Da Federation of Gujarat | Gold |
| 2024 | Khel Mahakumbh | Gold |
| 2024 | 18th Gujarat State Level Karate Tournament | Gold |
| 2025 | School Level Games (SGFI) | Gold |
| 2026 | 69th National Level (SGFI) Championship | Bronze |

ઉપરોક્ત જવલંત સફળતા પ્રાપ્ત કરનાર ચિ. પાર્થિવને ખૂબ ખૂબ અભિનંદન.

# Shardamandir Modern School & Modern Highschool



Our School Teacher Mrs. Diptiben participated in Government organized World Yoga Day. Congratulations to her.

On June 16th, all students in our school underwent examinations for height, weight, and hemoglobin levels. Additionally, students in Class 5 and Class 10 received vaccinations for Tetanus and Diphtheria.

On 20th JUNE 2025, Students had a fantastic bagless day yesterday, filled with a balance game, fun Garba step learning, an engaging drama about avoiding junk food, and an enjoyable assembly.

On 12-07-2025, Students engaged in themed performances. Classes 1-4 explored "Rain and Monsoon" through rhymes, songs, play, and dance. Meanwhile, Classes 5-8 presented drama, speech, poetry, and shlokas centered on "Guru Purnima." In a special segment, Bharat Vikas Parishad organized a Guru Vandana program where students performed Tilak to worship their teachers.

On 20-07-2025, This week's assembly featured engaging student performances by 30 participants, covering vital topics such as the Importance of Discipline, Good Manners, and Traffic Sense. The session also included speeches from the newly elected GS and AGS, addressing the student body.

Yoga offers a holistic approach to wellness, helping individuals cope with daily stress, manage health problems, and foster a more balanced and fulfilling life.

On Bagless Day, under the esteemed guidance of our Yoga teacher Diptiben, students engaged in Yoga practices for their health and well-being.

On the academic year's first bagless day, students dove into a variety of engaging activities:
- They explored the science room, observing fascinating specimens like curd bacteria, onion cells, leaf cell structures, and even a human hair under the microscope.
- Music filled the air as students enjoyed listening to and singing songs.
- To boost their well-being, students practiced Yoga, focusing on both physical and mental health.
- An exploration of the school grounds led them to the playground, where they collected ripe jamuns that had fallen from the trees.
- The day concluded with an assembly where students enjoyed various performances by their peers.

***Celebrating 101 Years: A Grand Foundation Day***

On July 31st, our school proudly celebrated its Foundation Day with a vibrant program that showcased student talent and dedication.

The highlight of the celebration was "Balrathi," a traditional chariot meticulously crafted by students, accompanied by rhythmical music that filled the air. Trustees worship the Balrathi. This was followed by an energetic march where students proudly waved flags and balloons, creating a festive atmosphere. The program concluded with a beautiful Garba performance by the school girls, adding a graceful touch to the event.

The success of the program was a testament to the hard work and delicate planning by our dedicated teachers. Their efforts were widely appreciated by all the management personnel and trustees who attended the event. It was a memorable day celebrating the school's rich history and vibrant community.

Our students were awarded certificate in the program "માધ્યમ ગુજરાતી, ઉત્તમ અંગ્રેજી" at AHMEDABAD UNIVERSITY on 23rd August,2025.

| | |
|---|---|
| 8-A | Shah Aayush Tarak bhai |
| 8-B | Dhamel Greeshma Vaibhavkumar |
| 8-B | Shah Disha Sanjaykumar |
| 8 E | Mehta Dhruvi Niral |
| 8 E | Parikh Krisha Hiralkumar |

Our 18 of students participated in an elocution competition organised by AKHIL HIND MAHILA PARISHAD

| SHARDAMANDIR MODERN SCHOOL | |
|---|---|
| **Standard** | **Student's Name** |
| 5-E | CHAUHAN YUVRAJ RAKESH<br>PRAJAPATI NISHIT ASHOKKUMAR<br>GANDHI KAVYA MITULKUMAR<br>SHAH NIRJA GAURAV<br>JAJOO SHIVANG BADAL |
| 6-E | SHUKLA SHAMIKSHA HARDIK<br>GHANCHI YATRI NIHAR<br>YADAV AAROHIKUMARI MOHAN |
| 7-E | SHUKLA MESHWA HARDIK<br>PARMAR VEDANSHEE JAIMINBHAI<br>PRAJAPATI AADHYA HADMAT<br>SONDARWA KEVIN HIRABHAI<br>SANGHVI DHAIRYA BHAVESHKUMAR |
| 8-E | KAGDI AAMIR ADIL<br>MISTRY DHAIRYANSH SAMIR<br>SOLANKI HIYA BHARAT<br>SHARMA PREKSHA RINKESH<br>CHAUHAN MANYATA HITESHBHAI |

## Shardamandir Modern School & Modern Highschool

Our students participated in elocution competition organised by ROTARY CLUB at GUJARtT CHAMBER OF COMMERCE AND INDUSTRY. They expressed their thoughts effectively on given topics. They received certificates,too.

Patel Yashvi Shaileshbhai
Gohil Shruti Vinodbhai
Vishani Manya Jigneshbhai
Shah Aayush Tarakkumar
Khakhkhar Tirth Chndresh Bhai
Dhamel Grishmavaibhavkumar
Shah Divyam Arpitkumar
Patel Vaishvi Mitesh
Chauhan Drashti Sanjaybhai
Shah Riya Ketankumar
Makwana Swapnil Shaileshbhai
Vora Prachi Devang
Mistry Vaishnavi Bhavik
Soni Feni Hardik
Chauhan Vishva Prakashbhai
Chauhan Avaniben Arjunsinh
Kanbi Jaini Aravindbhai

### GS & AGS

| | | |
|---|---|---|
| BOYS | 9-E | Makwana Swapnil Shaileshbhai |
| | 8-E | Kagdi Aamir Adilbhai |
| | 9-E | Prajapati Kabir Sureshbhai |
| | 9-E | Salunke Aaditya Jaydatt |
| | 8-E | Oza Jaival Monal |
| GIRLS | 9-E | Rajput Purva Vinitkumar |
| | 8-E | Solanki Hiya Bharat |
| | 9-E | Gohel Nancy Nimeshbhai |
| | 8-E | Parikh Krishna Hiralkumar |

**SHARDAMANDIR SMART ACADEMY conducted following programs in August and September, 2025.**

1. Board Game for students of standard 4 to 8
2. English Speaking Program for students of standard 6 to 8
3. Garba
4. Music
5. Karate

**CRICKET**

We have started evening cricket coaching, too. Girls have also joined. Our cricket team is showing excellent performance.

### STUDENT ACHIEVEMENT




**Diya Pratik Patel (Std-11-E-Science)**
Won district level chess tournament
in Khelahakumbh 2023-24 and 2024-25

State level KMK kho kho 2023-24
Went to Delhi for National event.
All rounder competition by Classmate 2022.
Ahmedabad District 3rd.

## સંસ્થાકીય સમાચાર





વર્ષ ૨૦૨૫-૨૬મો એનસીસીમાં આ વર્ષની જુદી જુદી પ્રવૃત્તિઓ અંતર્ગત બીજા વર્ષના ૧૮ કેડેટ બોય્સ અને ગર્લ્સ હનુમાન કેમ્પ ફાયરીંગ રેન્જ ઉપર દરેક કેડેટે ૧૦ રાઉન્ડ ફાયરીંગ કરી ફાયરીંગ શીખ્યા. જેમાં ઘણા કેડેટ સારુ ફાયરીંગ કરી શક્યા.

### ગતવર્ષનું શાળાનું બોર્ડનું પરિણામ નીચે મુજબ રહ્યુ હતું.

| શારદામંદિર વિનયમંદિર | |
|---|---|
| SSC | 100 % |
| HSC-Commerce | 92.72 % |
| HSC-Science | 78.25 % |

| Shardamandir Modern Highscool | |
|---|---|
| SSC | 96.30 % |
| HSC-Commerce | 91.67 % |
| HSC-Science | 88.89 % |

## શ્રધ્ધાંજલિ



**શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા શારદામંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ વ્યવસ્થાપક કમિટી મેમ્બર શ્રી અનિલભાઈ મહેતા**નું દુઃખદ અવસાન તા.૧૩-૧૧-૨૦૨૫ ના રોજ થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે. ૐ શાંતિ.



શારદામંદિર બાલમંદિર વિભાગના ભૂતપૂર્વ **શિક્ષીકા બહેનશ્રી બેલાબેન (બકુલાબેન) તુષારભાઈ શાહ** (ઉંમર ૬૩ વર્ષ)નું ૨૨-૧૧-૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓએ શારદામંદિર બાલમંદિરમાં નિવૃત્તિવય સુધી સતત બાળ વિદ્યાર્થીઓને ભણતર અને ગણતરના પાઠ પ્રેમથી આપ્યા. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે . ૐ શાંતિ.



શારદામંદિર વિનયમંદિર વિભાગના **ભૂતપૂર્વ શિક્ષક શ્રી ચંદુલાલ કેશવલાલ શાહ**નું તા. ૯-૧૨-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ. વિદ્યાર્થીઓના પ્રશ્નોના હસતા મુખે જવાબ શોધી આપતા અને ખૂબ જ પ્રેમાળ એવા શ્રી ચંદુભાઈના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે. ૐ શાંતિ.

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com
'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.